ક્રમાંક: બમશા/૧૧૧૮/૧૩૪૫/ન
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તા.૧૧/૧૦/૨૦૧૮

પ્રતિ,
નિયામકશ્રી
કમિશ્નરશ્રી શાળાઓની કચેરી,
બ્લોક નં ૯/૧, ડૉ જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર

વિષય: રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કેન્દ્રીયકૃત પસંદગી સમિતિ દ્વારા ફાળવવામાં આવેલ અને નિમણૂંક પામેલ શિક્ષણ સહાયક/જુના શિક્ષક/આચાર્યની કાયમી બહાલી આપવા બાબત.

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષયના આપના તા.૦૪/૦૯/૨૦૧૮ના પત્ર ક્રમાંક: અનદ-૧ /ઘ /માધ્ય /૨૦૧૮ /૨૫૪૮૩ ના અનુસંધાને જણાવવાનું કે, ઉક્ત પત્રથી રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કેન્દ્રીયકૃત પસંદગી સમિતિ દ્વારા ફાળવવામાં આવેલ અને નિમણૂંક પામેલ શિક્ષણ સહાયક/જુના શિક્ષક/આચાર્યને વિભાગના તા.૨૫/૦૮/૨૦૦૮ના ઠરાવથી કાયમી બહાલી આપવા બાબતની જોગવાઈમાંથી મુક્તિ આપવા દરખાસ્ત કરેલ છે.

આ બાબતે જણાવવાનું કે, રાજ્યની બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયકોની વિભાગના તા.૧૧/૦૨/૨૦૧૧ના જાહેરનામાંથી અને આચાર્યોની ભરતી વિભાગના તા.૨૫/૦૭/૨૦૧૭ના જાહેરનામાંથી કરવામાં આવે છે. આ જાહેરનામાંની જોગવાઈઓ મુજબ શિક્ષણ સહાયક તથા આચાર્ય તરીકે પસંદગી પામતાં ઉમેદવારોની શૈક્ષણિક લાયકાત અને પ્રમાણપત્રોની ચકાસણી પસંદગી સમિતી અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી દ્વારા કરવામાં આવે છે. આ સંજોગોમાં વિભાગના તા.૨૫/૦૮/૨૦૦૮ના ઠરાવની જોગવાઈઓ મુજબ બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કેન્દ્રીયકૃત પસંદગી સમિતિ દ્વારા ફાળવવામાં આવેલ અને નિમણૂંક પામેલ શિક્ષણ સહાયક/જુના શિક્ષક/આચાર્યની કાયમી બહાલી આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

આપનો વિશ્વાસુ

(વી.એમ.પટેલ)
સેક્શન અધિકારી
શિક્ષણ વિભાગ

ક્રમાંક/ ૨૧૬૯/માધ્ય/૨૧૧૭૯ 30013
કમિશ્નર શાળાઓની કચેરી,
૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, પહેલા માળે,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
તારીખ: 19-10-2018

પ્રતિ
નિયામક શિક્ષણ વિભાગ
વિષય:
શિ.વિ.ના તા.૧૧/૧૦/૧૮ ના પત્ર ક્રમાંક/બમશા/૧૧૧૮/૧૩૪૫/ન ના સંદર્ભે સૂચના અર્થે જાણ તથા જરૂરી કાર્યવાહી કરશું

મદદનીશ શિક્ષણ નિયામક (માધ્ય.)
ગુજરાત રાજ્ય, ગાંધીનગર